
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




## ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહાઆરતી : ૩૫,૦૦૦ ખેલૈયા અને પ્રેક્ષકો દ્વારા શિવ-શક્તિના સમન્વયના સ્વરૂપનું અલૌકિક સર્જન

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં આઠમની રાત્રે દિવ્ય અને ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું હતું. લગભગ ૩૫,૦૦૦ જેટલા લોકોએ હાથમાં દીવડા લઈને જગતજનની માં જગદંબાની આરતી ઉતારી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રતિવર્ષની પરંપરા પ્રમાણે એક ચોક્કસ પ્રકારના ફોર્મેશનમાં ઊભા રહીને લોકો મહાઆરતી ઉતારે છે, આ વર્ષે શિવ અને શક્તિના સમન્વયનું સુંદર સ્વરૂપ- અર્ધનારીશ્વરના ફોર્મેશનમાં લોકોએ ઊભા રહીને મહાઆરતી ઉતારી હતી. અદભુત અને અલૌકિક દ્રશ્ય સર્જાયું ત્યારે ઉપસ્થિત માનવમેદનીમાં 'આહ' અને 'વાહ'ના ઉદગારો સરી પડ્યા હતા. વ્યક્તિગતથી લઈને વૈશ્વિકકક્ષા સુધી સૌના જીવનમાં સાયુજ્ય, ઐક્ય, સર્વસમાવેશિતા, સકારાત્મકતા અને સ્નેહસભરતા સ્થપાય એવા ઉદ્દેશ સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે મહાઆરતીમાં શિવ અને શક્તિના સમન્વયનું આ સુંદર સ્વરૂપ કંડારવાનું નક્કી કર્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં ઉપસ્થિત ખેલૈયાઓ અને પ્રેક્ષકો સહિત ૩૫,૦૦૦ જેટલા માનવમહેરામણે ઉત્સાહભેર ભાગ લઈને મહાઆરતીમાં અદભુત અને અલૌકિક વાતાવરણ સર્જ્યું હતું. શિવ અને શક્તિના સમન્વયનું અર્ધનારીશ્વર સ્વરૂપ સમગ્ર વિશ્વને સાયુજ્યની શીખ આપે છે. સૃષ્ટિનું કોઈ પણ વ્યક્તિત્વ કે અસ્તિત્વ સ્વતંત્ર નથી. એકમેક સાથે તાણાવાણાથી ગુથાયેલું આ સચરાચર જગત સૃષ્ટિકર્તાનું સુંદર સર્જન છે. પરમાત્મા અને પ્રકૃતિ, શિવ અને શક્તિના મેળાપના દર્શનમાત્રથી પુણ્યની ઉત્પત્તિ થાય છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં મહાઆરતીમાં ભાગ લઈને આવી જ પુણ્યશાળી ક્ષણોની લોકોએ અનુભૂતિ કરી હતી.

# ગુડાએ ત્રણ નવી ટી પી સ્કીમ મુકવા દરખાસ્ત તૈયાર કરી

### અડાલજ પાલજ અને વલાદની ટીપી સ્કીમ માટે દરખાસ્ત તૈયાર : દરખાસ્ત સરકારમાં રજુ કરતાં પહેલા વાંધા સૂચનો પણ તપાસવામાં આવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજ, પાલજ અને વલાદમાં નવી ટાઉન પ્લાનિંગ સ્કીમ મુકવા માટેની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે . આ મામલે ગત જુલાઈમાં જ તેના સંબંધમાં હિતધારકોના વાંધા સુચનો મગાવી તેને ધ્યાને લેવાયા હતા હવે આ મુસદ્દો સરકારમાં રજૂ કરતાં પહેલા પણ કોઈના હિત જોખમાતા હોય તો તેને વિચારણામાં લઈ શકાય તે માટે આયોજન કરાયું છે

આ અંગે જાણવા મળ્યા મુજબ અડાલજમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૨૩ એ, વલાદમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૩૧ અને પાલજમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૩૨ જાહેર કરવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧-૧ હેઠળ ઈરાદો જાહેર કરાયો હતો અને જયારે આ મામલે કામચલાઉ દરખાસ્તો તૈયાર કરીને દરેક ટીપી માટે જમીન માલિકો, સંબંધકર્તાઓ અને હિત સંબંધ ધરાવતા વ્યક્તિઓને વ્યક્તિગત અને જાહેર નોટિસો આપીને જાણ કરીને સુચનો મેળવવા અને સમજ આપવા માટે એક બેઠક પણ યોજવામાં આવી હતી જેના અંતે હિતધારકોએ આપેલા વાંધા, સુચનોને ધ્યાને રાખીને દરખાસ્તો તૈયાર કરી દેવાઈ છે.

ગુડાના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ દરખાસ્તોની વિગતોની સમજ પડે તેના માટે ટીપીના હદ વિસ્તાર, મુળ ખંડ અંતિમ ખાડના હદ વિસ્તાર તથા રેવન્યુ સર્વે નંબર અને બ્લોક નંબર દર્શાવતા નકશા, રસ્તા અને સતામંડળને જાહેર હેતુ માટે ફાળવેલા અંતિમ ખંડની હદ અને સવલતો દર્શાવતા નકશા, મુલ્યાંકન માટે ધ્યાને લીધેલા વેચાણ દર્શાવતા નકશા, યોજનાનો ટુંકો ઈતિહાસ, પુનઃ વહેંચણી અને મુલ્યાંકન પત્રક, સુચિત કામોના અંદાજપત્રક, વિકસીત અને અવિકસીત કિંમતના અંદાજ, જંત્રીના દર, જમીનની કપાતની ટકાવારી દર્શાવતા પત્રક અને બાંધકામ નિયંત્રણના નિયમો સહિતની વિગતો પણ પ્રકાશિત કરાઈ છે આ અંગેના વાંધા સૂચનો એક મહિનામાં રજુ કરવા પણ જણાવાયું છે તે વાંધા, સુચનો સંદર્ભે વિચારણાના અંતે આ બંને દરખાસ્ત સરકારને મોકલી દેવાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ગાંધીનગર મનપાને ઈન્ડિયન સ્વચ્છતા લીગમાં સ્પેશ્યલ મેન્શનનું પ્રમાણપત્ર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપાને ઈન્ડિયન સ્વચ્છતા લીગમાં સમગ્ર ભારતમાંથી "સ્પેશિયલ મેન્શન" શહેરનું પ્રમાણપત્ર મળ્યુ છે.

રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ આજે રાજ્યમંત્રી મંડળની બેઠક બાદ પત્રકારોને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ની વિગતો આપતાં આ જાહેરાત કરી હતી.

તેમણે કહ્યુ હતુ કે ગાર્બેજ ફ્રી સીટી માટે વડોદરા, જામનગર, ગાંધીનગર, રાજકોટ મનપાને ૩ સ્ટાર બિરૂદ મળ્યુ છે.

અમદાવાદ કન્ટોનમેન્ટ બોર્ડને દેશમાં બીજા નંબરનું સ્થાન મળ્યુ છે તેમજ ૩ સ્ટારનું બિરૂદ પણ મળ્યુ છે. આ સિવાય ભાવનગર મહાનગરપાલિકા, તરસાડી અને વિસાવદર નગરપાલિકાને ૧ સ્ટારનું બિરૂદ પ્રાપ્ત થયુ છે.

ગાંધીનગર શહેરને ગત વર્ષે ક્લીનેસ્ટ કેપિટલ તરીકેનો એવોર્ડ મળ્યા બાદ આ વર્ષે સર્વેક્ષણમાં ભારે પછડાટ મળી છે. જે નોંધનીય છે. ગાંધીનગર મનપા પાસે સફાઈની એક માત્ર સેવા છે પણ તેમાંય સતત વિવાદો ચાલી રહ્યા છે.

## ૭ થી ૧૭ ઓક્ટો. દરમ્યાન ગુજરાત ગૌરવ યાત્રા ભાજપ દ્વારા યોજાશે

ગાંધીનગર, તા. ૪

વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીને લઈ ભારતીય જનતા પક્ષ દ્વારા ૭ થી ૧૭ ઓક્ટો. દરમ્યાન ગુજરાત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ઝોનવાઈઝ આ યાત્રા યોજવામાં આવશે અને તેમાં જિલ્લાના પ્રભારી મંત્રી, સંગઠનના પ્રભારીઓ પણ જોડાશે. આ યાત્રામાં ગુજરાતના વિકાસનો હિસાબ રજુ કરવામાં આવશે એટલુ જ નહિ ગુજરાતે વિવિધ ક્ષેત્રે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેની જાણકારી લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આ ગૌરવ યાત્રાના રૂટને આખરી કામ કરવાની કવાયત શહેર-જિલ્લા કક્ષાએ ચાલી રહી છે. આ ઉપરાંત જિલ્લાવાર વિધાનસભાની ચૂંટણીને લઈ નિરીક્ષકો પણ નિમવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ નિરીક્ષકો જિલ્લાના પ્રવાસે જઈ અને દાવેદારોની રજુઆત સાંભળવાની કામગીરી કરશે આ પછી પ્રદેશ કક્ષાએ તેમનો અહેવાલ સુપ્રત કરશે.

## સે. ૭ અને સે. ૨૦માંથી બે ગૃહિણીના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧ ટકાથી પણ નીચે પહોંચતા તંત્રએ રાહતની લાગણી અનુભવી છે. જિલ્લામાં હાલ ભક્તિનું ઘોડાપુર ચાલી રહ્યુ હોવાથી ટેસ્ટીંગના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટવાનું તંત્રના સૂત્રો સ્વીકારી રહ્યા છે. જો કે લોકલ ટ્રાન્સમિશનને લઈ કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. શહેર-જિલ્લામાં આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો અને રિકવરી રેટ સારો નોંધાયો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટરોમાં માઈક્રો શોપિંગની દુકાનો ઉપયોગના અભાવે ખંડેર

### લાભાર્થીઓએ કબજો ના લીધો હોય તેવી દુકાનો ત્વરિત અન્યને ફાળવી દેવા માંગ

ગાંધીનગર, તા.૪

પાટનગરમાં માઈક્રો શોપિંગની દુકાનો લાંબા સમયથી બિન ઉપયોગી હાલતમાં છે ખંડેર બનતી દુકાનોની દરકાર લેવાતી નથી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ નિષ્ક્રિયતા સેવાઈ રહી છે સેક્ટરોમાં વર્ષોના અંતે પણ માઈક્રોશોપિંગની દુકાનો પૈકી ઘણી ઉપયોગ વિના જર્જરિત જોવા મળે છે

શહેરના શ્રમિકોને રોજીરોટી મળી રહે તેના માટે ૫૨૭ જેટલી નાની દુકાનો વિવિધ સેક્ટરમાં બાંધવામાં આવી છે અને પાંચ-સાત કે વધુ સંખ્યામાં વિવિધ સ્થળે બાંધવામાં આવેલી આ દુકોનાના સમૂહને માઈક્રો શોપિંગ તરીકે ઓળખાય છે આ દુકાનોની માલિકી અને જાળવણીની જવાબદારી પાટનગર યોજના વિભાગની છે, પરંતુ તેની ફાળવણી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવે છે. જો કે ઘણા કિસ્સામાં હજુ દુકાનો કબજા વિહોણી છે કબ્જો લીધો નથી. કબ્જાવિહોણી દુકાનો મામલે પાટનગર યોજના વિભાગ દ્વારા માગવામાં આવ્યો હતો. પરંતુ વિભાગે તેવી તસદિ નહીં લેતા બાકી રહેલી દુકાનોની ફાળવણી રદ કરીને આ દુકાનો અન્ય લાભાર્થીઓને ફાળવવા માટે ડ્રો



આ મામલે રિપોર્ટ પણ વિભાગને સુપ્રત કરાયો હતો જો કે સ્થળ ચકાસણી કરવાની સાથે લાભાર્થીની સ્થિતિ સહિતનો રિપોર્ટ પણ કરવામાં આવ્યો નથી જેના લીધે સેક્ટરોમાં લાંબા સમયથી આવી દુકાનો બિનઉપયોગી અને ખંડેર જોવા મળે છે

# સે-૨૬માં સરકારી ફાર્મસી કોલેજનું નવુ બિલ્ડીંગ બાંધવાની યોજના છેલ્લા ૯ મહિનાથી અદ્ધરતાલ

### ટેન્ડર પ્રક્રીયાના અંતે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો પરંતુ નાંણાકીય જોગવાઇના અભાવે પ્રોજેક્ટની કામગીરીના નામે મીંડુ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં સરકારી ફાર્મસી કોલેજની નવી ઈમારત બાંધવાની યોજના છેલ્લા નવ મહીનાથી ખોરંભે પડી છે. અલબત્ત ટેન્ડર પ્રક્રીયાના અંતે પણ આ કામ હાથ ધરી શકાયુ નથી નાંણાકીય જોગવાઈના અભાવે કોલેજનુ નવુ બિલ્ડીંગ બાંધવાનુ કામ ખોરંભે પડયુ છે. સે-૨૬ માં ત્રણ માળના કોલેજ બિલ્ડીંગ બાંધવા માટે રૂ ૧૦ કરોડનો ખર્ચ કરવાનો થાય છે. જયારે મંજુરીના અંતે ટેન્ડર પ્રકીયા બાદ સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ પણ આ પ્રોજેકટ વહીવટી આંટીઘુંટીના લીધે ઘોંચમાં પડયો છે.

શહેરના સે-૨૬ માં ફાર્મસીના વિદ્યાર્થીઓને અલગ કોલેજ બિલ્ડીંગ મળે તે માટે આ ઠેકાણે નવુ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે નવા બિલ્ડીંગના આયોજનને અનુલક્ષી મંજુરી પણ આપી દેવામાં આવી છે. સેકટરમાં ત્રણ માળના સુવિધાયુકત બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ ૧૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ગત વર્ષ ૨૦૨૧ દરમિયાન ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી જેના અંતે તા ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ટેન્ડર પ્રક્રીયાના અંતે એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો હતો પરંતુ કાર્યયોજના અન્વયે નાંણાકીય જોગવાઈ ન થતા હજુ સુધી કોલજનુ નવુ બિલ્ડીંગ બાંધવાની કામગીરીનુ ઠેકાણુ પડ્યુ નથી. અલબત્ત નવ મહીનાના અંતે કામના શ્રીગણેશ થયા નથી. જયારે બીજીતરફ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com